**પ્રધાનમંત્રીએ બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં 17મા BRICS શિખર સંમેલનમાં ભાગ લીધો (06 જુલાઈ, 2025)**

06 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બ્રાઝિલની રાજધાની રિયો ડી જાનેરોમાં આજે 6-7 જુલાઈ 2025 ના રોજ આયોજિત 17મા BRICS શિખર સંમેલનમાં ભાગ લીધો. નેતાઓએ BRICS એજન્ડામાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી, જેમાં વૈશ્વિક શાસનમાં સુધારો, વૈશ્વિક દક્ષિણના અવાજને બુલંદ કરવો, શાંતિ અને સુરક્ષા, બહુપક્ષવાદને મજબૂત બનાવવો, વિકાસના મુદ્દા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં શામેલ છે. પ્રધાનમંત્રીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિનો તેમના હાર્દિક આતિથ્ય અને શિખર સંમેલનના સફળ સંગઠન માટે આભાર માન્યો હતો.

2. પ્રધાનમંત્રી "વૈશ્વિક શાસનમાં સુધારો તેમજ શાંતિ અને સુરક્ષા" વિષય પર ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું". ત્યારબાદ, પ્રધાનમંત્રીએ "બહુપક્ષીય, આર્થિક-નાણાંકીય બાબતો અને કૃત્રિમ બુદ્ધિમત્તાને મજબૂત બનાવવાં" સંબંધિત વિષય પર એક સત્રને પણ સંબોધિત કર્યું. આ સત્રમાં BRICS ભાગીદાર અને આમંત્રિત દેશોએ ભાગ લીધો.

3. વૈશ્વિક શાસન અને શાંતિ અને સુરક્ષા પર સત્રને સંબોધતા પ્રધાનમંત્રીએ વૈશ્વિક દક્ષિણના અવાજને બુલંદ કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી. તેમણે કહ્યું કે વિકાસશીલ દેશોને જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે નાણાંકીય અને ટેક્નોલોજીની પહોંચની બાબતમાં સતત વિકાસ માટે વધારે સહયોગની જરૂર છે. આ બાબતે પ્રકાશ પાડતાં 20મી સદીના વૈશ્વિક સંગઠનોમાં 21મી સદીના પડકારોનો સામનો કરવાની ક્ષમતાનો અભાવ છે, તેમણે આમાં સુધારાની આવશ્યકતા પર ભાર આપ્યો. બહુધ્રુવીય અને સમાવેશી વિશ્વ વ્યવસ્થા માટે આહ્વાન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ, IMF, વિશ્વ બેંક અને WTO જેવી વૈશ્વિક શાસન સંસ્થાઓએ વર્તમાન વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરવા માટે તાત્કાલિક સુધારો કરવો આવશ્યક છે. તેમણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની તાત્કાલિક જરૂરિયાત પર પ્રકાશ પાડવા અને શિખર સંમેલનની ઘોષણામાં મુદ્દા પર મજબૂત ભાષા અપનાવવા બદલ નેતાઓનો આભાર માન્યો હતો.

4. શાંતિ અને સુરક્ષા પર, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ માનવતા માટે ગંભીર ખતરો છે. આ સંદર્ભમાં, તેમણે કહ્યું કે એપ્રિલ 2025 માં પહલગામ આતંકવાદી હુમલો માત્ર ભારત પર હુમલો ન હતો, પરંતુ સંપૂર્ણ માનવતા પર હુમલો હતો. આતંકવાદ વિરુદ્ધ મજબૂત વૈશ્વિક કાર્યવાહી માટે આહ્વાન કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદીઓને ભંડોળ, પ્રોત્સાહન અથવા સલામત આશ્રય પ્રદાન કરનાર સામે કડક શરતોમાં વ્યવહાર કરવો આવશ્યક છે. તેમણે એ બાબત પર ભાર મૂક્યો કે આતંકવાદ સામે લડવામાં કોઈ બેવડા ધોરણો ન હોવા જોઈએ. તેમણે પહલગામ આતંકવાદી હુમલાની નિંદા કરવા બદલ BRICS નેતાઓનો આભાર માન્યો. BRICS દેશોને આતંકવાદ વિરુદ્ધ

વૈશ્વિક લડાઈને મજબૂત કરવાનું આહ્વાન કરતાં તેમણે એ બાબત પર ભાર આપ્યો કે, આ ખતરાનો સામનો કરવામાં શૂન્ય સહિષ્ણુતા હોવી જોઈએ.

5. આ વિષય પર વિસ્તારથી વાત કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, પશ્ચિમ એશિયાથી લઈને યુરોપ સુધી, ઊંડી ચિંતાનો વિષય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ભારતે હંમેશા આવા સંઘર્ષોને ઉકેલવા માટે સંવાદ અને કૂટનીતિનું આહ્વાન કર્યું છે અને આવા પ્રયત્નોમાં યોગદાન આપવા માટે તૈયાર છે.

6. બહુપક્ષીયતા, આર્થિક-નાણાંકીય બાબતો અને કૃત્રિમ બુદ્ધિમત્તાને મજબૂત બનાવવા" પર સત્રને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે વિવિધતા અને બહુપક્ષીયતા BRICS ની મહત્વપૂર્ણ તાકાત છે. તેમણે જણાવ્યું હતું કે એવા સમયે જ્યારે વિશ્વ વ્યવસ્થા દબાણમાં છે અને વૈશ્વિક સમુદાય અનિશ્ચિતતા અને પડકારોનો સામનો કરી રહ્યો છે, ત્યારે BRICS ની પ્રાસંગિકતા સ્પષ્ટ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે BRICS બહુધ્રુવીય વિશ્વને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આ સંદર્ભમાં, તેમણે ચાર સૂચનો આપ્યા હતા: પહેલુ, BRICS ન્યૂ ડેવલપમેન્ટ બેંકે પ્રોજેક્ટ્સ આપવા માટે માંગ આધારિત સિદ્ધાંત અને લાંબા ગાળાની ટકાઉક્ષમતાનું પાલન કરવું આવશ્યક છે; બીજુ, જૂથ એક વિજ્ઞાન અને સંશોધન ભંડાર સ્થાપવાનું વિચારે છે જે વૈશ્વિક દક્ષિણ દેશોને લાભ આપી શકે છે; ત્રીજુ, મહત્વપૂર્ણ ખનિજોની સપ્લાય ચેઇનને સુરક્ષિત અને લવચીક બનાવવા માટે ધ્યાન આપવું આવશ્યક છે; અને, ચોથુ, જૂથને જવાબદાર AI માટે કામ કરવું જોઈએ - AI ગવર્નન્સની ચિંતાઓને જોતાં, તે ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવા માટે પણ સમાન મહત્વ આપવું જોઈએ.

7. નેતાઓના સત્રના સમાપન પર, સભ્ય દેશોએ 'રિયો ડી જાનેરો ઘોષણા' ને સ્વીકારવામાં આવી હતી [Link]. વૈશ્વિક શાસન [Link], શાંતિ અને સુરક્ષા [Link] અને બહુપક્ષીયતા, આર્થિક-નાણાકીય બાબતો અને કૃત્રિમ બુદ્ધિમત્તા [Link] પર સત્રોમાં પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સંબોધન અહીં જોઈ શકાય છે.

રિયો ડી જાનેરો

06 જુલાઈ, 2025